# વ્યક્તિગત/વ્યાપારિક ધિરાણ

## ધિરાણ કરારનામું

આ ધિરાણ કરારનામું (''કરારનામું'') વર્ષ 20 ____________________ ના _____ દિવસે ________________, ખાતે બનાવવામાં આવ્યું છે. ☒

દ્વારા અને વચ્ચે

પહેલા ભાગના, આ કરારનામા સાથે સંલગ્ન ધિરાણ તારણ અનુસૂચિમાં અધિક વિશેષપણે વર્ણવેલ(લા) ''ધિરાણકર્તા(ઓ)'' અને, જ્યાં ક્યાંય સંદર્ભ આવશ્યક હોય, તેમાં અને અહીં હવે પછી નિર્દિષ્ટ સહ–ધિરાણકર્તાઓ સહિત એકત્રપણે ધિરાણકર્તા(ઓ) (જો એકથી વધારે ધિરાણકર્તાઓ હોય) તરીકે ઉલ્લેખિત (આ શબ્દપ્રયોગ, સિવાય કે તેના સંદર્ભ અથવા અર્થ સાથે અસંગત હોય, તેમાં જ્યાં ધિરાણકર્તા(ઓ) વ્યક્તિ(ઓ) હોય, તેના/તેણીના વારસદારો, વહીવટકર્તાઓ અને વસીઓ); જ્યાં ધિરાણકર્તા(ઓ) એકમાત્ર માલિકીની કંપની હોય; વ્યક્તિ જેનું નામ એકમેવ માલિક તરીકે નિર્દિષ્ટ હોય અને તેમાં તેના વારસદારો, વહીવટકર્તાઓ અને વસીઓ તથા કાયદેસરના પ્રતિનિધિઓ અને માન્ય નિયુક્તો સામેલ હોય; જ્યાં ધિરાણકર્તા(ઓ) એક ભાગીદારી કંપની હોય, ઉક્ત ભાગીદારી કંપનીના ભાગીદારો અથવા અત્યારના સમયે ભાગીદાર હોય, તેમના અનુજીવીઓ અને ભાગીદારોના વારસદારો, વહીવટકર્તાઓ અને વસીઓ; જ્યાં ધિરાણકર્તા(ઓ) હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તા હોય, અત્યારના સમયે હિન્દુ અવિભક્ત કુટુંબના સભ્ય હોય અને તેમના સંબંધિત વારસદારો, વહીવટકર્તાઓ અને વસીઓ; જ્યાં ધિરાણકર્તા(ઓ) કંપની હોય, તેના અનુગામીઓ અને નિયુક્તો; જ્યાં ધિરાણકર્તા(ઓ) અસંગઠિત સંસ્થા હોય, આવી સંસ્થાના બધા સભ્યો તથા તેમના સંબંધિત અનુગામીઓ; જ્યાં ધિરાણકર્તા(ઓ) એક સોસાયટી હોય, નિયામક મંડળ અને નિયામક મંડળના સભ્યોના સંબંધિત અનુગામીઓ તથા કોઈપણ નવા ચૂંટાયેલા, નિયુક્ત અથવા કૉ–ઑપ્ટ કરેલા સભ્યો; જ્યાં ધિરાણકર્તા(ઓ) એક ટ્રસ્ટ હોય, ટ્રસ્ટીઓ અને ટ્રસ્ટના અનુગામીઓ અને જ્યાં ધિરાણકર્તા(ઓ) એક મર્યાદિત જવાબદારી ભાગીદારી હોય, ભાગીદારો અથવા અત્યારના સમયે ઉક્ત મર્યાદિત જવાબદારી ભાગીદારીના ભાગીદારો હોય અને ભાગીદારોના વારસદારો, વહીવટકર્તાઓ અને વસીઓ તથા કંપનીના અનુગામીઓ અને નિયુક્તાઓ),

અને

બીજા ભાગમાં, મેઘ ટાવર્સ, ત્રીજો માળ, જૂના નંબર 307, નવા નંબર 165, પૂનમમલ્લી હાઇ રોડ, મદુરાવોયલ, ચેન્નઈ – 600095, તામિળનાડુ ખાતે ઑફિસ ધરાવતી, કંપની અધિનિયમ, 1956 અંતર્ગત રજિસ્ટર્ડ, ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કંપની લિ. અને આ સાથે સંલગ્ન અન્ય બાબતોમાં ધિરાણ તારણ અનુસૂચિમાં નિર્દિષ્ટ શાખા કાર્યાલય (જે હવે પછી ''એફઆઇસીસીએલ'' તરીકે ઉલ્લેખિત થશે (આ શબ્દપ્રયોગ, સિવાય કે, તેના સંદર્ભ અથવા અર્થ સાથે અસંગત હોય, તેમાં સમાવિષ્ટ હોવાનું અનુમાનિત અનુગામીઓ અને નિયુક્તાઓ) રહેશે.

કોઈપણ લિંગનો સંદર્ભ બધી લૈંગિકતાઓને સમાવિષ્ટ કરશે અને એકમેવ સંખ્યાનો સંદર્ભ, અનેકવચન અને તેથી ઊલટું સંખ્યાઓ તેના સંદર્ભમાં સમાવિષ્ટ કરશે. શબ્દ ''કરારનામું''ના અર્થમાં, આ ધિરાણ કરારનામું, આ સાથે સંલગ્ન લૉન સમરી શેડ્યૂલ્સ, શુલ્ક–પત્રો અથવા આ કરારનામાનો ભાગ બનતા પરિશિષ્ટો, પ્રમાણો અથવા સમયે સમયે આ કરારનામા સાથે સંલગ્ન અન્ય પૂરકો સમાવિષ્ટ કરશે.

જેથી કે, ધિરાણકર્તાએ(ઓએ) એફઆઇસીસીએલને વ્યાવસાયિક / વ્યક્તિગત/વ્યાપારિક આવશ્યકતાઓ માટે ધિરાણ માટે વિનંતિ કરી છે અને હવે પછી અહીં દર્શાવેલાં પારસ્પરિક રીતે સ્વીકાર્ય નિયમો અને શરતો પર ધિરાણકર્તા(ઓ)ની વિનંતિ પર એફઆઇસીસીએલએ ધિરાણ (અહીં હવે પછી પરિભાષિત) આપવા સ્વીકૃતિ દર્શાવી છે.

નિમ્નાનુસાર આ સાથેનાં બન્ને પક્ષો વચ્ચે આ સાથે મંજૂર કરવામાં આવે છે કે :–

1. ધિરાણ, ચુકવણી, વ્યાજ અને પુનર્ચુકવણીઓ

1.1 અહીં સમાવિષ્ટ નિયમો અને શરતો અંતર્ગત, ધિરાણકર્તા(ઓ) એફઆઇસીસીએલ પાસેથી ઉધાર લેવા મંજૂર થાય છે અને એફઆઇસીસીએલ ધિરાણકર્તા(ઓ)ને ધિરાણ તારણ અનુસૂચિમાં સ્પષ્ટિકૃત રકમ (જે રકમ હવે પછીથી ''ધિરાણ'' તરીકે સંદર્ભિત થશે). આ ધિરાણ પૂરેપૂરું અથવા હપ્તાઓમાં અથવા એફઆઇસીસીએલ દ્વારા નક્કી કરવામાં આવે તેમ અન્ય કોઈ રીતે ચુકવવામાં આવશે. આ ધિરાણ, ધિરાણકર્તા(ઓ) દ્વારા નિર્દિષ્ટ હોય તેવી કોઈ અન્ય વ્યક્તિ/ઓને ચુકવવામાં આવશે; તે એ શરતે કે, ઉક્ત નિર્દિષ્ટ વ્યક્તિ/ઓને જો કોઈ ચુકવણી કરવામાં આવે તો તે ધિરાણ સંબંધિત ધિરાણકર્તાની જવાબદારીઓને પ્રભાવિત કરશે નહીં અને ઉક્ત નિર્દિષ્ટ વ્યક્તિ/ઓને કરવામાં આવેલી ધિરાણની ચુકવણી ધિરાણકર્તા(ઓ)ને આપવામાં આવેલી અને તેમના દ્વારા પ્રાપ્ત થયેલી માનવામાં આવશે.

**1.2** ધિરાણ તારણ અનુસૂચિમાં સ્પષ્ટિકૃત દરે ધિરાણની રકમ પર ધિરાણકર્તા(ઓ) વ્યાજની ચુકવણી કરશે. બાકી રહેતી મૂડીની રકમ પર માસિક શેષ રકમો સાથે દૈનિક ધોરણે ધિરાણ પર વ્યાજની ગણતરી કરવામાં આવશે. ચેકના જારીકરણ, સ્થાનાંતરણ, પારગમન, ધિરાણકર્તા(ઓ) અથવા તેમની બૅન્ક દ્વારા સમાહરણ, વસૂલાત

અને/ અથવા કોઈ અન્ય કારણસર લાગેલા સમયને ધ્યાનમાં ન લેતાં, કરારનામાની તારીખથી ધિરાણ પર વ્યાજની ગણતરીની શરૂઆત થશે.

**1.3** ધિરાણ તારણ અનુસૂચિમાં નિર્દિષ્ટ નિયત તારીખોએ તથા સૂચવ્યા અનુસાર માસિક હપ્તાઓમાં વ્યાજ સાથે ધિરાણની પુનર્ચુકવણી ધિરાણકર્તા(ઓ) કરશે.

**1.4** ધિરાણ તારણ અનુસૂચિ, ચાર્જીસ પત્રકમાં અને એફઆઈસીસીએલની વેબસાઈટ (http://www.fullertonindia.com/about-us/loan-charges.aspx), પર સૂચવ્યા અનુસાર ફી અને ચાર્જીસ, જેમાં દસ્તાવેજીકણ અને પ્રોસેસિંગ ચાર્જીસ (પરત ન ચુકવવાપાત્ર) સુધી મર્યાદિત ન હોતાં, અન્ય ચાર્જીસ જેવા કે, ચેક બાઉન્સ ચાર્જીસ, ચેક/ઈસીએસ સ્વેપ ચાર્જીસ, અતિરિક્ત વ્યાજ, પૂર્વ–ચુકવણી/પુરોબન્ધ ચાર્જીસ અને સમયે સમયે એફઆઈસીસીએલની આંતરિક નીતિઓ અનુસાર લાગુ પડતી કોઈ ફી કે ચાર્જીસ, વૈધાનિક ખર્ચાઓ અથવા અન્યથા ધિરાણના સંબંધમાં ચુકવવાપાત્ર ખર્ચાઓ ધિરાણકર્તા(ઓ) વહન કરશે અને એફઆઈસીસીએલને ચુકવશે. ધિરાણકર્તા(ઓ)ને કોઈ નોટિસ આપ્યા વિના ઉપરોક્ત ફી/ચાર્જીસમાં સુધારાવધારા કરવા એફઆઈસીસીએલ અધિકૃત રહેશે. વધુમાં, ઉપરોક્ત ચાર્જીસ ઉપરાંત, વ્યાજ કર, સર્વિસ ટૅક્સ, વેરાઓ (સ્ટૅમ્પ ડ્યુટી સહિત), તથા કર (સરકાર અથવા અન્ય પ્રાધિકરણો દ્વારા કોઈપણ વિવરણના સમયે સમયે લાગુ કરવામાં આવતા) અને (ક) ધિરાણ માટીની અરજી તથા આપવા અને પુનર્ચુકવણીના સંબંધમાં જે કંઈ હોય, તે સંબંધિત અન્ય સર્વ કિંમતો અને ખર્ચાઓ; (ખ) વ્યાજ સહિત ધિરાણની વસૂલી તથા પ્રાપ્તિ; (ગ) અમલીકરણ કાર્યવાહીઓ, જો કોઈ હોય, તે ધિરાણકર્તા(ઓ)એ વહન કરવાના, એફઆઈસીસીએલને ચુકવવાના તથા પરત ભરી દેવાના રહેશે.

**1.5** જ્યારે ધિરાણ અંતર્ગત દેય રકમ કરતાં કોઈપણ વધુ રકમ ધિરાણકર્તા(ઓ) એફઆઈસીસીએલને મોકલાવે/ચુકવે તે સંજોગોમાં, આવી વધારાની રકમની પુનર્ચુકવણી કરવા માટે, સમયે સમયે એફઆઈસીસીએલ દ્વારા નક્કી કરવામાં આવે તદનુસાર, પ્રોસેસિંગ ફી વસૂલ કરવાનો અધિકાર, એફઆઈસીસીએલ અબાધિત રાખે છે.

**1.6** ધિરાણ અંતર્ગત અથવા તેની સાથે સંબંધિત પૂર્વ–ઈએમઆઈ વ્યાજ, અગ્રીમ હપ્તો, વીમા પ્રીમિયમ, દસ્તાવેજીકરણ ખર્ચાઓ, લેવડદેવડ/ પ્રોસેસિંગ ચાર્જીસ ધિરાણમાંથી બાદ કરવામાં આવશે અને આવી ફી અને/અથવા ચાર્જીસ બાદ કર્યા પછી, ધિરાણની કેવળ શુદ્ધ રકમ જ ધિરાણકર્તા(ઓ)ને ચુકવવામાં આવશે.

**1.7** ધિરાણની રકમ માગવામાં આવતાં, તરત જ પુનઃ ચુકવવાની રહેશે અને તદનુસાર, ધિરાણના પુનર્ચુકવણી સમયપત્રકને ધ્યાનમાં ન લેતાં, ધિરાણ સંબંધિત વ્યાજ સહિત, સર્વ અન્ય દેય રકમો સહિત, ધિરાણ અંતર્ગત બાકી રહેતી સંપૂર્ણ રકમ માગવામાં આવતાં તરત જ ચુકવવામાં આવે તેવો અધિકાર એફઆઈસીસીએલ ધરાવશે.

**1.8** ધિરાણની પુનર્ચુકવણી માટે, પોસ્ટ ડૅટેડ ચેક (પીડીસી)/ઈસીએસ જારી કરવા ધિરાણકર્તા(ઓ) સંમતિ આપે છે. ધિરાણકર્તા સ્વીકારે છે કે, પુનર્ચુકવણીની ઈસીએસ પદ્ધતિ, એફઆઈસીસીએલની તરફેણમાં જારી કરેલા પીડીસી પર અને તે ઉપરાંત છે.

**1.9** ધિરાણકર્તા(ઓ) સ્વીકારે છે કે, તેઓ ધિરાણનો (અથવા તેના કોઈપણ હિસ્સાનો) ઉપયોગ અરજીપત્રકમાં નિર્દિષ્ટ હેતુ સિવાય અન્ય કોઈ હેતુ માટે અથવા કોઈ સટ્ટાકીય, અયોગ્ય અથવા ગેરકાનૂની કે ગેરકાયદેસરના હેતુઓ /પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લઈ શકાશે નહીં.

**1.10** આ સાથે એ મંજૂર કરવામાં આવે છે કે, બે કે તેથી વધારે ધિરાણકર્તા(ઓ) હોવાની સ્થિતિમાં, આ કરારનામા અંતર્ગત ધિરાણની પુનર્ચુકવણી અને દાયિત્વ પરિપૂર્ણ કરવાની જવાબદારી સંયુક્ત અને અલગ–અલગ તથા સહ–વ્યાપક રહેશે.

**1.11** આ કરારનામા અંતર્ગત અને તદનુસાર, ધિરાણકર્તા(ઓ) દ્વારા બધી ચુકવણીઓ એફઆઈસીસીએલને કરવાની રહેશે અને તે કોઈપણ જાતની કપાતથી મુક્ત અને સ્પષ્ટ અથવા કોઈ જ કર કપાત વિનાની રહેશે, જેથી આવી કપાત કર્યા વિના અથવા કરવાની જરૂર હોય તે વિના, તેણે મેળવવાની હોય તે રકમ બરાબર રકમ (આવી કપાતની કોઈપણ જવાબદારી વિના) એફઆઈસીસીએલ પ્રાપ્ત કરી શકે અને રાખી શકે. સર્વિસ ટૅક્સ અને અન્ય સર્વ લાગુ પડતા કરો કે અન્ય વૈધાનિક લેવીઓ, જો કોઈ હોય, ધિરાણકર્તાને ખાતે લગાડવામાં આવશે અને તેના(તેમના) દ્વારા ચુકવવાપાત્ર રહેશે.

**1.12** આ અંતર્ગત ઈએમઆઈની રકમની ચુકવણીમાં ધિરાણકર્તા(ઓ) ચૂક કરે તેવા સંજોગોમાં, ચૂકની તારીખથી સર્વ ચડત રકમોની ચુકવણી પર્યંત, સમયે સમયે જે રીતે એફઆઈસીસીએલ લેખિતમાં સૂચિત કરે તે મુજબ, માસિક શેષ અથવા શેષની આવી અવધિઓએ આ સાથેની ધિરાણ તારણ અનુસૂચિમાં નિર્દિષ્ટ દરે આવા પ્રકારની ચૂકની તારીખથી ધિરાણ અંતર્ગત મૂડીની રકમો પર અતિરિક્ત વ્યાજ ધિરાણકર્તા(ઓ) ચુકવશે. વધારાના વ્યાજની ચુકવણી ધિરાણકર્તા(ઓ)ને આ કરારનામા અંતર્ગત જવાબદારીઓથી મુક્ત કરતી નથી. અહીં ઉપર સમાવિષ્ટ અન્ય કંઈ જ ધ્યાનમાં ન લેતાં, ધિરાણકર્તા(ઓ) દ્વારા કસૂર કરવાના કારણે ઉપજે તે, અન્ય સર્વ અધિકારો એફઆઈસીસીએલ સ્પષ્ટપણે અબાધિત રાખે છે. ધિરાણની શરતોમાં એફઆઈસીસીએલને ચુકવવા બદલ ધિરાણકર્તા(ઓ) જવાબદાર છે તે કોઈપણ વધારાના ચાર્જીસ ઉપરાંત અતિરિક્ત વ્યાજ ચુકવવાનું રહેશે.

**1.13** એફઆઈસીસીએલને લેખિતમાં 21 દિવસની પૂર્વસૂચના આપીને કોઈપણે સમયે બાકી રહેતી રકમ સાથે ધિરાણની રકમની પર વ્યાજ સહિત સંપૂર્ણ રકમની ધિરાણકર્તા પૂર્વ–ચુકવણી કરી શકે છે. પૂર્વ–ચુકવણીનો અધિકાર કાર્યાન્વિત કરે તેવા સંજોગોમાં, એફઆઈસીસીએલ ધિરાણ તારણ અનુસૂચિમાં નિર્દિષ્ટ દરે પુનર્ચુકવણી ફી/ચાર્જીસ વસૂલ કરવા અધિકૃત રહેશે. ધિરાણની આંશિક પૂર્વ–ચુકવણી કરવાની પરવાનગી નહીં અપાય.

**1.14** ધિરાણકર્તા(ઓ) હપ્તાઓની અગ્રીમ ચુકવણી કરવા અદિકૃત રહેશે; જો કે, અગાઉથી ચુકવાયેલા હપ્તાઓ પર વ્યાજ ચુકવવા બદલ એફઆઈસીસીએલ જવાબદાર રહેશે નહીં.

**1.15** ધિરાણકર્તા(ઓ) દ્વારા અરજી વખતે અને/અથવા દસ્તાવેજીકરણ વખતે ધીરનારને ચુકવાયેલ સર્વ ફી, ચાર્જીસ વગેરે, એક જ સમયે કરવાના ખર્ચાઓ છે અને/અથવા ધિરાણ સાથે સંબંધિત સૉર્સિંગ, તપાસ અને કાનૂની ખર્ચાઓ સહિત, પરંતુ તે પુરતા જ મર્યાદિત ન હોતાં, તેવા ખર્ચાઓ સહિત ધીરનાર દ્વારા વહન કરવામાં આવેલા અથવા પછીથી વહન કરવાના ખર્ચાઓ ધિરાણકર્તા(ઓ) આ સાથે સ્વીકારે તથા માન્ય કરે છે કે, તેઓ /તેણી/તે જાણે છે અને સ્વીકારે છે.

**1.16** આ અનુચ્છેદ ક્રમાંક 1 અંતર્ગત કોઈપણ ચુકવવાપાત્ર ચાર્જીસ અથવા આ કરારનામા અંતર્ગત કોઈ અન્ય અનુચ્છેદ એફઆઈસીસીએલ દ્વારા તેના એકમેવ નિર્ણય અનુસાર રદબાતલ કરવામાં આવી શકે છે અને એફઆઈસીસીએલનો નિર્ણય અંતિમ અને ધિરાણકર્તા દ્વારા કોઈપણ અવલંબન વિના અંતિમ રહેશે.

2. ચૂક થવાની ઘટના અને ચૂક થવા બદલનાં પરિણામો

**2.1** ચૂક થવાની ઘટના થઈ હોવાનું માનવામાં આવશે જો : (ક) આ કરારનામામાં સમાવિષ્ટ કોઈપણ નિયમો અને શરતોનો ધિરાણકર્તા(ઓ) ભંગ કરે; અથવા (ખ) નિયત તારીખે અથવા તે પહેલાં કોઈ હપ્તાઓ અથવા કોઈ અન્ય ચુકવણી/પુનર્ચુકવણી કરવામાં ધિરાણકર્તા(ઓ) નિષ્ફળ જાય; અથવા (ગ) ધિરાણકર્તા(ઓ) એફઆઈસીસીએલ અથવા અન્ય બૅન્ક અને નાણાંકીય સંસ્થા સાથેના અન્ય કોઈ કરારનામા અંતર્ગત ચૂક કરે; અથવા (ઘ) એવું જાણવા મળે કે, ધિરાણકર્તા(ઓ)એ એફઆઈસીસીએલને કોઈ ખોટું પ્રતિનિધિત્વ કર્યું હોય; અથવા (ચ) ધિરાણકર્તા(ઓ) નાદારીનું કોઈ કાર્ય કરે અથવા જો ધિરાણકર્તા નાદાર અથવા દેવાળિયો જાહેર થાય કે ધિરાણકર્તા(ઓ)ની કોઈ મિલકત અથવા એસ્ટેટના સંબંધમાં લિક્વિડેટર, રિસિવર કે કોઈ અધિકારીને નિયુક્ત કરવામાં આવે અથવા જો ધિરાણકર્તા(ઓ)ને નાદાર જાહેર કરતી કોઈ અરજી કરવામાં આવે અથવા ધિરાણકર્તા(ઓ)ને નાદારીમાં લેવા માટે સક્ષમ ન્યાયાલય કે પ્રાધિકરણ દ્વારા કોઈ ચુકાદો આપવામાં આવે; અથવા (છ) ધિરાણકર્તા(ઓ) અથવા ધિરાણકર્તા(ઓ)ના કોઈ ભાગીદાર અથવા ડાયરેક્ટર ઘોષિત વ્યવસાય /વ્યાપાર કરવાનું બંધ કરે; અથવા (જ) ધિરાણકર્તા(ઓ)ના દરજ્જા અથવા બંધારણમાં કોઈ પરિવર્તન થાય અને આવું કોઈ પરિવર્તન એફઆઈસીસીએલ દ્વારા મહત્ત્વપૂર્ણ પરિવર્તન ગણવામાં આવે; અથવા (ઝ) એવા કોઈ સંજોગો ઉપસ્થિત થયા હોય જે એફઆઈસીસીએલના અભિપ્રાયમાં હાનિકારક રીતે પ્રભાવિત કરે અથવા એફઆઈસીસીએલના હિતને અથવા ધિરાણની પુનર્ચુકવણી કરવામાં ધિરાણકર્તાની ક્ષમતાને પ્રભાવિત કરે.

**2.2** કોઈ ચૂકનો પ્રસંગ ઉદ્ભવતાં અથવા તે પછી કોઈપણ સમયે, એફઆઈસીસીએલ બાકી રહેતી ધિરાણની રકમને તરત જ દેય અને ચુકવવાપાત્ર ઘોષિત કરવા અધિકૃત રહેશે અને તે પછી, કોઈપણ પૂર્વ–સૂચના અથવા કોઈપણ પ્રકારની અન્ય કાનૂની પ્રક્રિયાઓ વિના, નોટિસની શરતો અનુસાર ધિરાણ અને/અથવા કરારનામા અંતર્ગત સર્વ દેય તથા ચુકવવાપાત્ર રકમ ચુકવશે. નિર્ધારિત અવધિ અંતર્ગત ઉક્ત ચુકવણી કરવામાં ધિરાણકર્તા(ઓ) નિષ્ફળ જતાં, એફએઈસીસીએલ, તેના એકમેવ નિર્ણયાનુસાર, લાગુ પડતા કાયદાઓ અંતર્ગત ઉપલબ્ધ કોઈપણ અધિકાર અથવા ઉપાય અજમાવી શકે છે.

---

ધિરાણકર્તા (ઓ) ☒ | સહ–ધિરાણકર્તા (ઓ) ☒ | એફઆઈસીસીએલ વતિ અધિકૃત હસ્તાક્ષરકર્તા

3. અન્ય નિયમો અને શરતો

**3.1** ધિરાણકર્તા(ઓ)ની સર્વ અસ્ક્યામતો પર એફઆઇસીસીએલના નિયંત્રણ અંતર્ગત એફઆઇસીસીએલ ધારણાધિકાર ધરાવશે અને એફઆઇસીસીએલ તરફથી ધિરાણકર્તા(ઓ)ને કોઈપણ દેય નાણાંઓ વિરુદ્ધ ક્ષતિપૂર્તિ કરવામાં આવશે અને એફઆઇસીસીએલની દેયની વસૂલી માટે ધિરાણકર્તા(ઓ)ના સર્વ ખાતાંઓ સંયોજિત કરવામાં આવશે.

**3.2** ધિરાણકર્તા(ઓ)ના જમા ખાતે રહેલાં કે માલિકીની એફઆઇસીસીએલ હસ્તક રહેલાં અન્ય નાણાં ક્ષતિપૂર્તિ કરવા અને અન્ય નાણાં કે નાણાંઓ લાગુ કરવા અથવા એફઆઇસીસીએલને અત્યારના સમયે ચુકવવાપાત્ર બાકી રહેતી ચુકવણીઓ અથવા ઉક્ત ધિરાણમાં ચડત રકમ પ્રતિ અથવા અન્યથા સદરહુ હોય તદનુસાર અને ઉક્ત ધિરાણ ખાતા (ખાતાંઓ) અંતર્ગત એફઆઇસીસીએલને ચુકવવામાં બાકી રહેતી રકમ ધિરાણકર્તા(ઓ) પાસેથી કોઈપણ સમયે દાવા મારફત અથવા અન્યથા વસૂલવા માટે સર્વ સમયે અને ધિરાણકર્તા(ઓ)ને કોઈપણ પૂર્વ–સૂચના આપ્યા વિના, એફઆઇસીસીએલ અધિકૃત રહેશે.

**3.3** કરારનામા અને/અથવા ધિરાણ અંતર્ગત ધિરાણકર્તા(ઓ) તેમના સર્વ અથવા કોઈપણ અધિકારો, લાભ કે જવાબદારીઓ સીધેસીધું કે આડકતરી રીતે સોંપણી કે હસ્તાંતરિત નહીં કરે. એફઆઇસીસીએલ, કોઈપણ સમયે, ધિરાણકર્તા(ઓ)ની કોઈપણ સંમતિ વિના કે સંદર્ભિત કર્યા વિના, આ કરારનામા અંતર્ગત તેના સર્વ અથવા તેમાંના કોઈપણ અધિકારો, લાભ અને જવાબદારીઓ કોઈપણ વ્યક્તિને પૂર્ણપણે અથવા આંશિક રીતે, અને જે રીતે અને નિયમો અને શરતો અનુસાર એફઆઇસીસીએલ નિર્ણય લે તેમ વેચવા, સોંપવા, સીક્યુરિટાઝ, નોવેટ કરવા અથવા હસ્તાંતરિત કરી શકશે. આવું કોઈપણ વેચાણ, સોંપણી અથવા હસ્તાંતરણ ધિરાણકર્તા(ઓ) પર છેવટે બંધનકર્તા રહેશે.

**3.4** ધિરાણકર્તા(ઓ) સ્પષ્ટપણે સમજે છે અને સ્વીકારે છે કે, ધિરાણકર્તા(ઓ) દ્વારા પૂરી પાડવામાં આવેલાં તથ્યો અને માહિતીને ચકાસવા માટે અને/અથવા આવશ્યકતા હોય તેમ, એફઆઇસીસીએલને દેય રકમો વસૂલવા/પ્રાપ્ત કરવા, અથવા એફઆઇસીસીએલ વતિ ધિરાણ અંતર્ગત સર્વ વણચુકવાયેલી રકમો એકત્ર કરવા, ધિરાણકર્તા(ઓ)ના કાર્યાલય અથવા રહેઠાણ ખાતે હાજરી આપવા, દેય રકમો પ્રાપ્ત કરવા, અને આવા હેતુઓ માટે ત્રીજા પક્ષને યોગ્ય લાગે તેવાં સામાન્યપણે સર્વ કાયદેસર કાર્યો કરવા માટે આવા ત્રીજા પક્ષોને અધિકાર તથા સત્તા હસ્તાંતરિત કરવા અથવા સોંપવા એફઆઇસીસીએલની પસંદગીના એક અથવા વધારે ત્રીજા પક્ષોની નિયુક્તિ કરવાનો એફઆઇસીસીએલ સંપૂર્ણ વર્ચસ્વ અને અધિકાર એફઆઇસીસીએલ પાસે રહેશે.

**3.5** ધિરાણકર્તા(ઓ)ને આપેલા/બહાલ કરેલા / બહાલ કરવામાં આવનાર/આપવામાં આવનાર ધિરાણની પૂર્વ–શરત મુજબ, ધિરાણકર્તા(ઓ) સંબંધિત સર્વ માહિતી તથા વિગતો ફેરબદલ કરવા, વહેંચવા, પ્રગટ કરવા અને ત્યજવા, ધિરાણકર્તા(ઓ) દ્વારા લેવાયેલી કોઈ ક્રેડિટ સુવિધાની માહિતી તથા વિગત અને/અથવા ધિરાણકર્તા(ઓ)ની જવાબદારીઓ પૂર્ણ કરવામાં ધિરાણકર્તા(ઓ) દ્વારા આચરવામાં આવેલી કોઈ ચૂક સંબંધિત માહિતી અને વિગતો અને/અથવા કોઈપણ વ્યાપારિક એકમને ધિરાણની પુનર્ચુકવણીના ઈતિહાસ સંબંધિત, જેની સાથે એફઆઇસીસીએલના કોઈ વ્યાપારિક સંબંધ હોય અથવા ભવિષ્યમાં થવાના હોય, બૅન્ક્સ, નાણાંકીય સંસ્થાઓ, ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યૂરો (ઇન્ડિયા) લિમિટેડ અને/અથવા અન્ય કોઈ ક્રેડિટ બ્યૂરો, એજન્સીએ, વૈધાનિક સંસ્થાઓ, વગેરેને જરૂરી હોય અથવા એફઆઇસીસીએલને યોગ્ય લાગે તેમ માહિતી અને વિગતો પૂરા પાડવા દેવા માટે ધિરાણકર્તા(ઓ) સંમત થાય છે, સ્વીકારે છે અને એફઆઇસીસીએલને અધિકૃતતા આપે છે. ધિરાણકર્તા(ઓ) સ્વીકારે છે કે, આ રીતે અધિકૃત થયેલી ક્રેડિટ બ્યૂરો અને અન્ય એજન્સીઓ તેના/તેમના દ્વારા યોગ્ય લાગે તે રીતે એફઆઇસીસીએલ દ્વારા પ્રગટ કરવામાં આવેલી માહિતી અને વિગતોનો ઉપયોગ તથા પ્રોસેસ કરી શકે છે. આ ઉપરાંત, તે નિમિત્તે રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા દ્વારા સ્પષ્ટિકૃત કરવામાં આવ્યા મુજબ બૅન્કો/નાણાંકીય સંસ્થાઓ અને /અથવા અન્ય કોઈ ક્રેડિટ ગૅરન્ટરો અથવા રજિસ્ટર્ડ વપરાશકર્તાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી તેમની પ્રોસેસ્ડ માહિતી અને વિગતો અથવા પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવાનું વિચારાધીન લેવાને પણ ધિરાણકર્તા(ઓ) એ પણ પુષ્ટિ કરે છે અને ક્રેડિટ બ્યૂરોઝને પરવાનગી આપે છે કે.

**3.6** આ સાથે, ધિરાણકર્તા(ઓ) એફઆઇસીસીએલ, તેના અધિકારીઓ અને એજન્ટ્સને ધિરાણકર્તા(ઓ) અને ધિરાણકર્તા(ઓ)ના ઋણ ખાતાંઓ અને/અથવા એફઆઇસીસીએલ સાથે વ્યવહાર કરવા સહિતની, પરંતુ એફઆઇસીસીએલ સાથે કોઈપણ સુવિધાઓ, લેવામાં આવેલી કોઈ જામીનગીરીઓ, કરવામાં આવેલી લેવડદેવડો તથા શેષ રકમની સ્થિતિઓ પૂરતી મર્યાદિત ન હોય તે સંબંધિત માહિતી નીચે જણાવેલાંઓને પ્રગટ કરવાની સંમતિ આપે છે :

(I) વ્યાવસાયિક સલાહકારો અને એફઆઇસીસીએલના સેવા આપનારાઓ;

(ii) કોઈપણ કરારનામા અંતર્ગત એફઆઇસીસીએલના અધિકાર અથવા જવાબદારીઓના સંબંધમાં, એફઆઇસીસીએલ સાથે સંબંધિત કોઈપણ વાસ્તવિક અથવા સંભવિત મુખત્યાર, નોવેટી, હસ્તાંતરિતી, સહભાગી અથવા ઉપ–સહભાગી;

(iii) કોઈપણ રૅટિંગ એજન્સી, વીમો ઉતારનાર કે સીધું કે આડકતરું ક્રેડિટ રક્ષણ કે એફઆઇસીસીએલ દ્વારા પૂરી પાડેલી સેવાઓ અથવા તે પૂરી પાડવાના સંબંધમાં નાણાંકીય અવલંબન પૂરું પાડનાર

4. લવાદ

**4.1** આ કરારનામામાંથી નિપજતા અથવા તેની સાથે સંબંધિત સર્વ વિવાદો, મતભેદો અને/અથવા દાવાઓ, આર્બિટ્રેશન ઍન્ડ કન્સિલિએશન ઍક્ટ, 1996ની જોગવાઇઓ અથવા તેમાં કોઈપણ વૈધાનિક સુધારાઓ અનુસાર લવાદ દ્વારા નિર્ણીત કરવામાં આવશે તથા તેને અફઆઇસીસીએલ દ્વારા નામાંકિત/ નિયુક્ત એકમેવ લવાદને મોકલવામાં આવશે. આ રીતે નિયુક્ત વ્યક્તિનું મૃત્યુ થતાં, ઈન્કાર, બેદરકારી, અસમર્થતા અથવા અક્ષમતાના સંજોગોમાં એફઆઇસીસીએલ અન્ય વ્યક્તિને લવાદ તરીકે નીમી શકે છે. વચગાળાના ચુકાદા સહિત, લવાદનો ચુકાદો બધા સંબંધિત પક્ષો પર બંધનકર્તા રહેશે. સમયે સમયે, લવાદની કાર્યવાહી હાથ ધરવા માટે લવાદ પ્રક્રિયાઓ નિર્ધારિત કરી શકે છે અને તેને યોગ લાગે તે રીતે લવાદની પ્રક્રિયાઓ હાથ ધરી શકે છે. ધિરાણ તારણ અનુસૂચિમાં જણાવેલા સ્થળે લવાદ પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવશે. અહીં સમાવિષ્ટ લવાદ જોગવાઈની શરતે, ધિરાણ તારણ અનુસૂચિમાં દર્શાવેલાં સક્ષમ ન્યાયાલયો આ કરારનામાના સંબંધમાં અથવા કાયદાકીય પ્રક્રિયાઓમાંથી ઊભી થતી કોઈપણ બાબતો પર એકમાત્ર ન્યાયાધિકાર ક્ષેત્ર ધરાવશે. જો કે, આ કોઈ અન્ય ન્યાયાલયમાં અથવા સક્ષમ ન્યાયાધિકાર ક્ષેત્રની ટ્રાયબ્યુનલમાં પ્રક્રિયાઓ ફાઇલ કરવા/લઈ જવાના ધીરનારના અધિકારોને મર્યાદિત કરતું નથી.

5. પરચુરણ

**5.1** આ કરારનામામાંની કોઈપણ શરત અથવા જોગવાઈ ન્યાયાલયના સક્ષમ ન્યાયાધિકાર દ્વારા અવૈધ ગણવામાં આવશે તો, બાકીની શરતો અને જોગવાઈઓ અક્ષુણ્ણ ગણાશે અને તે પૂર્ણ પ્રભાવ અને અસરમાં રહેશે.

**5.2** ધિરાણકર્તા(ઓ) જાહેર કરે કે, અરજીપત્રકમાં આપવામાં આવેલી/ભરવામાં આવેલાં વિવરણ અને વિગતો તથા અરજીપત્રક સાથે સંલગ્ન કરાયેલા દસ્તાવેજો સર્વ બાબતે સાચા, ખરા અને પૂર્ણ તથા અદ્યતન છે અને કોઈ જ મહત્ત્વપૂર્ણ વિગત છૂપાવવામાં આવી નથી, જે ધિરાણને બહાલ કરવાના નિર્ણયને પ્રભાવિત કરે.

**5.3** આ કરારનામાનું કાર્યાન્વયન અને તેના અનુસરણમાં દસ્તાવેજોનું કાર્યાન્વયન કરશે તે ધિરાણકર્તા(ઓ)ના અધિકારીઓ વિધિવત્ તથા યોગ્ય રીતે હોદ્દા પર છે અને એ કાર્યાન્વયન કરવા પૂર્ણપણે અધિકૃત છે.

**5.4** ધિરાણકર્તા(ઓ) પાસે આ કરારનામાનું કાર્યાન્વયન, સોંપવાના અને કાર્યાન્વિત કરવાની સંપૂર્ણ સત્તા, ક્ષમતા અને અધિકારીતા હશે અને આ કરારનામાની અધિકૃતતા, કાર્યાન્વયન, સોંપણી અને કાર્યાન્વિત કરવા માટે સર્વ આવશ્યક પગલાં (કૉર્પોરેટ, વૈધાનિક અથવા અન્યથા) લીધેલાં છે.

**5.5** આ કરારનામા અંતર્ગત ધિરાણકર્તાના કોઈ ઉલ્લંઘન અથવા ચૂક પર એફઆઇસીસીએલને મળતા કોઈપણ અધિકાર, સત્તા કે ઈલાજના કાર્યાન્વયનમાં કોઈ જ વિલંબ અથવા ઊણપ, એફઆઇસીસીએલના આવા કોઈ અધિકાર, સત્તા અથવા ઈલાજનો હ્રાસ નહીં કરે, ન તે કોઈ ઉલ્લંઘન અથવા ચૂકના અધિત્યાગ અથવા અનુમતિ માનવામાં આવશે. કરારનામામાં એફઆઇસીસીએલને પૂરી પાડવામાં આવેલા અધિકારો અને ઈલાજો સંકલિત છે અને કાયદા દ્વારા પૂરા પાડવામાં આવેલા કોઈ અધિકારો અને ઈલાજોથી અલગ નથી.

**5.6** બૅન્કમાં પ્રસ્તુત કર્યા વિનાના ચેકનો નાશ : ધિરાણના સંબંધમાં અને હાલમાં એફઆઇસીસીએલના તાબામાં રહેલા એફઆઇસીસીએલની તરફેણમાં ધિરાણકર્તા(ઓ) દ્વારા જારી કરવામાં આવેલા બૅન્કમાં પ્રસ્તુત કર્યા વિનાના/વણવપરાયેલા કોઈપણ ચેક પરિપક્વતા અથવા ધિરાણની પૂર્વચુકવણી કરવામાં આવતાં ધિરાણ ખાતું બંધ કરવામાં આવતાં અને/અથવા અન્યથા આગળ ઉપર કોઈપણ સૂચના આપ્યા વિના તરત જ રદ અને/અથવા નષ્ટ કરવામાં આવશે.

---

ધિરાણકર્તા (ઓ) ☒ સહ–ધિરાણકર્તા (ઓ) ☒ એફઆઇસીસીએલ વતિ અધિકૃત હસ્તાક્ષરકર્તા

**5.7** આ કરારનામાના અનુસરણમાં ધિરાણકર્તા(ઓ) પર પાઠવવામાં આવેલ કોઈપણ નોટિસ/પત્ર, ધિરાણ તારણ અનુસૂચિમાં દર્શાવેલા સરનામાઓ પર લેખિતમાં મોકલવામાં આવશે. ધિરાણકર્તા(ઓ) દ્વારા એફઆઈસીસીએલને મોકલવામાં આવનારી લેખિત નોટિસ ધિરાણ તારણ અનુસૂચિમાં જણાવવામાં આવેલા શાખાના સરનામે રજીસ્ટર્ડ/પ્રીપેઇડ પોસ્ટ દ્વારા મોકલવાની રહેશે. સરનામામાં કોઈપણ ફેરફાર અંગે એક સપ્તાહમાં જ ધિરાણકર્તા(ઓ) એફઆઈસીસીએલને લેખિતમાં સૂચિત કરશે.

**5.8** આ કરારનામા સાથે સંલગ્ન ધિરાણ તારણ અનુસૂચિ, આ કરારનામાનો અભિન્ન હિસ્સો રહેશે, તત્રાપિ તેમાંની જોગવાઈઓ અહીં નિર્દિષ્ટ કરવામાં આવેલી છે.

**5.9** ધિરાણકર્તા(ઓ) સ્વીકારે છે કે, કરારનામા શરતોમાં બધી વિગતો ધિરાણકર્તા(ઓ)ની હાજરીમાં ભરવામાં આવી છે અને ધિરાણનાં સર્વ નિયમો તથા શરતો વાંચ્યા છે અને સમજવામાં આવ્યા છે. ધિરાણકર્તા(ઓ) એ પણ સ્વીકારે છે કે, ઉક્ત નિયમો અને શરતો ધિરાણકર્તા(ઓ)ને સમજાય તેવી ભાષામાં ધિરાણકર્તા(ઓ)ને વાંચી સંભળાવવામાં આવ્યા છે અને ધિરાણકર્તા(ઓ) નિયમો અને શરતોનો સંપૂર્ણ અર્થ સમજ્યા છે અને આ કરારનામાની વિગતોની ચકાસણી કર્યા પછી અને સમજ્યા પછી તેમણે /તેણીએ સહી કરી છે.

**5.10** સર્વોપરી પ્રભાવ : આ કરારનામું અને આ સાથે સંલગ્ન કોઈ અન્ય દસ્તાવેજો, અથવા અહીં સંદર્ભિત, અહીં અથવા આ સાથે આનુષંગિકપણે, જણાવવામાં આવેલા નિયમો અને શરતો સંકલિત કરે છે, અને અહીંની વિષયવસ્તુના સંબંધમાં સર્વ મૌખિક વાટાઘાટો તથા અગાઉનાં લખાણો, આ કરારનામાના અર્થમાં તેના ઉપરાંત તથા સમ્પૂરક બનતી, અને તેના વિરોધાભાસમાં ન હોય તે સિવાયની, આ કરારનામા પહેલાં જારી કરવામાં આવેલી મંજૂરીપત્રમાં દર્શાવવામાં આવેલી જોગવાઈઓને રદ કરે છે. આ કરારનામા અને આ સાથે અથવા અહીં સંદર્ભિત સંલગ્ન કોઈ કરારનામા અથવા દસ્તાવેજોના નિયમો, શરતો અને જોગવાઈઓ તથા મંજૂરી પત્ર વચ્ચે કોઈ વિરોધાભાસની સ્થિતિ ઉદ્ભવતાં, આ કરારનામાના નિયમો, શરતો તથા જોગવાઈઓ ચાલુ રહેશે.

**5.11** ધિરાણકર્તા(ઓ) મંજૂર કરે છે કે, જ્યારે આ કરારનામાં પર એફઆઈસીસીએલના અધિકૃત અધિકારી સહી કરે તે તારીખે અને સ્થાને આ કરારનામું સંપન્ન થયેલું અને કાનૂની રીતે બંધનકર્તા બનશે.

આ સાથે અહીં જણાવેલા પક્ષોએ સાક્ષીઓની ઉપસ્થિતિમાં આ પહેલા દિવસે, મહિને અને વર્ષના રોજ અહીં ઉપર કરેલું લખાણ કાર્યાન્વિત કર્યું/કાર્યાન્વિત કરવાનું કારણ બનાવ્યું.

| ધિરાણકર્તા(ઓ) માટે | | |
|---|---|---|
| ધિરાણકર્તાનું નામઃ<br>........................................................................<br>અધિકૃત હસ્તાક્ષકર્તાનું નામ (માલિકી, ભાગીદારી તથા કંપનીઓ માટે)<br>........................................................................ | | ☒<br>..........................................<br>(સહી) |
| સહ–ધિરાણકર્તાનું નામઃ<br>........................................................................<br>અધિકૃત હસ્તાક્ષકર્તાનું નામ (માલિકી, ભાગીદારી તથા કંપનીઓ માટે)<br>........................................................................ | | ☒<br>..........................................<br>(સહી) |
| ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ વતિ<br>અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામઃ<br>........................................................................ | | ☒<br>..........................................<br>(સહી) |

# કરારનામા સાથે
# સંલગ્ન
# ધિરાણ તારણ અનુસૂચિ

આ ધિરાણ તારણ અનુસૂચિ ________________________ તારીખના ધિરાણ કરારનામાનો અભિન્ન હિસ્સો બને છે, જે અહીં નીચે જણાવેલા ધિરાણકર્તા(ઓ) તથા ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિ. (''ધિરાણ કરારનામું'') વચ્ચે કાર્યાન્વિત કરવામાં આવ્યો છે અને તે ધિરાણ કરારનામાના સંકલનમાં વંચાણમાં લેવાશે.

## ધિરાણ સુવિધાનું વિવરણ

| ક્રમાંક | વિવરણ | | વિગતો |
|---|---|---|---|
| 1 | અરજી સંદર્ભ ક્રમાંક/ ધિરાણ ખાતા ક્રમાંક | : | |
| 2 | એફઆઈસીસીએલ શાખા કાર્યાલય અને સરનામું | : | |
| 3 | ધિરાણકર્તા(ઓ) તથા સહ–ધિરાણકર્તા(ઓ)નું નામ અને સરનામું | :<br>: | નામ : ____________________<br>સરનામું : ____________________ |
| | | :<br>: | નામ : ____________________<br>સરનામું : ____________________ |
| 4 | ધિરાણની રકમ | : | આઈએનઆર ______________/-<br>(રુપિયા______________________પૂરા) |
| 5 | વ્યાજ દર | : | ___________% ઘટતી શેષ રકમ પર વાર્ષિક ધોરણે (અચળ દર) |
| 6 | ધિરાણ અવધિ | : | __________ મહિના |
| 7 | અતિરિક્ત વ્યાજ (ચુકવણીમાં ચૂક થતાં લાગુ) | : | બાકી ધિરાણની મૂડીની રકમ પર પ્રતિ માસ 0.75% કરતાં વધુ નહીં (શૂન્ય પંચોતેરાંશ) |
| 8 | દસ્તાવેજીકરણ ફી/ચાર્જીસ | : | આઈએનઆર____________/- કરતાં અધિક ન હોય તે રકમ, જેમાં પૂર્વ–ઈએમઆઈ વ્યાજ/સ્ટેમ્પ શુલ્ક સમાવિષ્ટ રહેશે. |
| 9 | કર અને વેરાઓ | : | કર તથા વૈધાનિક વેરાઓ સિવાય, જેમ લાગુ પડતા હોય તેમ, સર્વિસ ટૅક્સ તથા તેના પરના સેસ પૂરતા મર્યાદિત ન હોતાં, તે સહિત ધિરાણ કરારનામામાં ઉપર તથા અન્યત્ર નિર્દિષ્ટ સર્વ ચાર્જીસ. |

☒

## પુનર્ચુકવણી સમયપત્રક

| ચુકવવાપાત્ર સમાન ગણેલા માસિક હપ્તાઓ (ઈએમઆઈ)ની સંખ્યા | પ્રથમ ઈએમઆઈના પ્રારંભની તારીખ | છેલ્લા ઈએમઆઈની નિયત તારીખ |
|---|---|---|
| | | |
| હપ્તાઓની સંખ્યા | પ્રત્યેક ઈએમઆઈને નિયત તારીખ | ઈએમઆઈની રકમ |
| પ્રથમ હપ્તા પ્રતિ ____________ | | આઈએનઆર ____________________/- ☒ |
| _________ થી _________ હપ્તો | | આઈએનઆર ____________________/- |
| લવાદ અને ન્યાયાધિકાર ક્ષેત્રનું સ્થળ | | |

| ધિરાણકર્તા(ઓ) માટે | |
|---|---|
| ધિરાણકર્તાનું નામઃ<br>.....................................................<br>અધિકૃત હસ્તાક્ષકર્તાનું નામ (માલિકી, ભાગીદારી તથા કંપનીઓ માટે)<br>..................................................... | ☒<br>....................................<br>(સહી) |
| સહ–ધિરાણકર્તાનું નામઃ<br>.....................................................<br>અધિકૃત હસ્તાક્ષકર્તાનું નામ (માલિકી, ભાગીદારી તથા કંપનીઓ માટે)<br>..................................................... | ☒<br>....................................<br>(સહી) |
| ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ વતિ<br>અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામઃ<br>..................................................... | ☒<br>....................................<br>(સહી) |

# ખર્ચાઓની સૂચિ

| | | | |
|---|---|---|---|
| 1 | ચેક/રોકડ સમાહરણ (પ્રતિ સમાહરણ) | : | આઇએનઆર 300/– કરતાં અધિક નહીં |
| 2 | સ્વૅપ ચાર્જીસ – ઇસીએસ સાથે પૉસ્ટ–ડૅટેડ ચેકની ફેરબદલ માટે (પ્રતિ પ્રસંગ) | : | આઇએનઆર 500/– કરતાં અધિક નહીં |
| 3 | સ્વૅપ ચાર્જીસ – ઇસીએસ માટે બૅન્કની ફેરબદલ માટે (પ્રતિ પ્રસંગ) | : | આઇએનઆર 500/– કરતાં અધિક નહીં |
| 4 | ધિરાણ રદ કરાવવાનો ખર્ચ (પ્રથમ ઇએમઆઈ પહેલાં ધિરાણ રદ કરવું) | : | આઇએનઆર 1000/– કરતાં અધિક નહીં |
| 5 | ચેક /ઇસીએસ અસ્વીકૃતિકરણ ચાર્જીસ (ચેક/ઇસીએસના પ્રતિ પ્રસ્તુતિકરણનું અસ્વીકૃતિકરણ) | : | આઇએનઆર 30/– કરતાં અધિક નહીં |
| 6 | પૂર્વ–ચુકવણી ચાર્જીસ | : | (a) ધિરાણની આંશિક પૂર્વ–ચુકવણી કરવાની પરવાનગી નથી.<br>(b) બાકી રહેતી રકમની વ્યાજ સહિત સંપૂર્ણ ધિરાણની પુનર્ચુકવણીના કિસ્સામાં :<br>• કરારનામાની તારીખથી 0 થી 17 મહિના : પુનર્ચુકવણીની તારીખે ધિરાણ મૂડીની બાકી રહેતી રકમના 7%;<br>• કરારનામાની તારીખથી 18 થી 23 મહિના : પુનર્ચુકવણીની તારીખે ધિરાણ મૂડીની બાકી રહેતી રકમના 5%;<br>• કરારનામાની તારીખથી 24 થી 35 મહિના : પુનર્ચુકવણીની તારીખે ધિરાણ મૂડીની બાકી રહેતી રકમના 3%;<br>અથવા સમયે સમયે એફઆઇસીસીએલ દ્વારા સ્પષ્ટિકૃત કરવામાં આવે તદનુસારની રકમ.<br>(c) કરારનામાની તારીખથી 36 મહિના પછી જો પુનર્ચુકવણી કરવામાં આવે તો, કોઈ જ પુનર્ચુકવણી ચાર્જ નહીં લાગે. |
| 7 | નાણાં પરત કરવાની પ્રોસેસિંગ ફી | : | આઇએનઆર 250/– કરતાં અધિક નહીં |

ગ્રાહકનું નામ :
.................................................................. ☒
..........................................
(સહી)

To be signed by Borrower & Co-Borrower

# માગ વાયદા ચિઠ્ઠી

તારીખ : ____________________

સ્થાન : ____________________

માગવામાં આવતાં હું / અમે ......................................................................................................................................

.................................... સંયુક્તપણે અને અલગ–અલગ તથા વિના શરતે, મેઘ ટાવર્સ, ત્રીજો માળ, જૂના નંબર 307, નવા નંબર 165, પૂનમમલ્લી હાઇ રોડ, મદુરાવોયલ, ચેન્નઈ – 600095, તામિળનાડ ખાતે ઑફિસ ધરાવતી ફુલર્ટન ઈન્ડિયા લિમિટેડને (“એફઆઈસીસીએલ”) અથવા નિયુક્તને પ્રાપ્ત મૂલ્ય બદલ તેના પર ☒ માસિક શેષ ધોરણે ગણેલા વાર્ષિક ............................% દરે આઇએનઆર.........................................................................પૂરા) રકમ ચુકવવાનું વચન આપું છું/આપીએ છીએ.

જ્યાં અહીં એકથી વધારે હસ્તાક્ષરકર્તાઓ હોય ત્યાં પ્રત્યેક હસ્તાક્ષરકર્તા(ઓ)ની જવાબદારી સંયુક્ત તથા અલગ–અલગ બને છે.

| | |
|---|---|
| ધિરાણકર્તાનું<br>નામ ____________________ | રૂ. 1/–ની<br>રેવેન્યૂ સ્ટૅમ્પ<br>અહીં ચોંટાડો (x)<br>ધિરાણકર્તા |
| સહ–ધિરાણકર્તાનું<br>નામ : ____________________ | રૂ. 1/–ની<br>રેવેન્યૂ સ્ટૅમ્પ<br>અહીં ચોંટાડો (x)<br>સહ–ધિરાણકર્તા |
| સહ–ધિરાણકર્તાનું<br>નામ : ____________________ | રૂ. 1/–ની<br>રેવેન્યૂ સ્ટૅમ્પ<br>અહીં ચોંટાડો (x)<br>સહ–ધિરાણકર્તા |
| સહ–ધિરાણકર્તાનું<br>નામ : ____________________ | રૂ. 1/–ની<br>રેવેન્યૂ સ્ટૅમ્પ<br>અહીં ચોંટાડો (x)<br>સહ–ધિરાણકર્તા |

(નોંધ –(x) સહી સ્ટૅમ્પની પહોળાઈની આરપાર કરવી)

# ધિરાણની રકમની ચૂકવણી અંગે સૂચના

તારીખઃ

પ્રતિ
ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ

.............................................
.............................................
.............................................
.............................................

વિષય : ચૂકવણી માટે અધિકૃતતા

**મહાશય,**

.............................................. માટે ધિરાણ વ્યવસ્થા અંગે અરજીનો સંદર્ભ જોશો. કૃપયા અહીં નીચે જેમનું નામ આપવામાં આવ્યું છે તેમના નામ અને પ્રકારે ધિરાણ ચૂકવણી માટે ચેક તૈયાર કરશો :

| પ્રાપ્તકર્તાનું નામ | રકમ (આઈએનઆર) |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

☒

ઉપરોક્ત પ્રાપ્તકર્તાની તરફેણમાં ધિરાણની રકમની ચૂકવણી ધિરાણ સુવિધાના સંબંધમાં મારી/અમારી જવાબદારીથી મુક્ત કરતી નથી.
ઉપરોક્ત પ્રાપ્તકર્તાની તરફેણમાં ચૂકવાયેલ ધિરાણની રકમ મને/અમને ધિરાણ આપવામાં આવ્યું છે અથવા મારા/અમારા દ્વારા પ્રાપ્ત થયેલ હોવાનું માનવામાં આવશે.
તમારો આભાર

ધિરાણકર્તાનું નામ : ............................................................................... ......................................... (સંહી) ☒

અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામ (માલિકીની, ભાગીદારી અને કંપનીઓ માટે)

...............................................................................................................

સહ–ધિરાણકર્તાનું નામ : ............................................................................ ......................................... (સંહી) ☒

અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામ (માલિકીની, ભાગીદારી અને કંપનીઓ માટે)

...............................................................................................................

પુષ્ટિ

મને /અમને ચૂકવવામાં આવેલી ધિરાણની રકમનો નિમ્નાનુસાર વર્ણનનો ચેક મેં /અમે પ્રાપ્ત કર્યો છે, તેની હું પુષ્ટિ કરું છું/અમે પુષ્ટિ કરીએ છીએ.

| ચેક નંબર | રકમ | તારીખ | બેંન્કનું નામ | પ્રાપ્ત કર્તાનું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

☒

તમારો આભાર

ધિરાણકર્તાનું નામ : ............................................................................... ......................................... (સંહી) ☒

અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામ (માલિકીની, ભાગીદારી અને કંપનીઓ માટે) :

...............................................................................................................

સહ–ધિરાણકર્તાનું નામ : ............................................................................ ......................................... (સંહી) ☒

અધિકૃત હસ્તાક્ષરકર્તાનું નામ (માલિકીની, ભાગીદારી અને કંપનીઓ માટે) :

...............................................................................................................

# નૅશનલ ઇલેક્ટ્રોનિક ફન્ડ ટ્રાન્સફર દ્વારા ધિરાણની રકમની ચૂકવણી માટે પત્રક

તારીખ : [ ]

પ્રતિ
ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ
____________________________
____________________________
____________________________

વિષય : નૅશનલ ઇલેક્ટ્રોનિક ફન્ડ ટ્રાન્સફર યોજના દ્વારા ધિરાણની રકમની ચૂકવણી

સંદર્ભ : ધિરાણ અરજી સંદર્ભ ક્રમાંક :[ ]
ધિરાણ ખાતા ક્રમાંક :[ ]

**મહાશય,**

મારી/અમારી ધિરાણની અરજીના સંદર્ભમાં હું/ અમે આ સાથે ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ (''ફુલર્ટન ઇન્ડિયા'')ને ધિરાણ મંજૂર થયેલી રકમ____________/– ( રુપિયા ________________________પૂરા) (દસ્તાવેજીકરણ ખર્ચાઓ અને પ્રોસેસિંગ ચાર્જીસ બાદ કરીને) નિમ્નાનુસાર વિગતો અનુસાર, વિના શરતે સૂચિત કરીએ છીએ :–

હિતાધિકારીની વિગતો

| | | |
|---|---|---|
| હિતાધિકારીની બૅન્કનું નામ | : | |
| હિતાધિકારીના બૅન્ક ખાતાનું નામ | : | |
| હિતાધિકારીનું બૅન્ક ખાતું # | : | |
| હિતાધિકારીના બૅન્ક ખાતાનો પ્રકાર | : | ☐ બચત ☐ ચાલુ ☐ કૅશ ક્રેડિટ |
| હિતાધિકારીની બૅન્કનું ચૂકવવાપાત્ર સ્થાન | : | |
| હિતાધિકારીની બૅન્કનો શાખા આઇએફએસસી | : | |
| એમઆઇસીઆર કોડ | : | |
| મોકલાવવાની (રેમિટ) કરવાની રકમ | : | |

☒

આ સાથે હું/ અમે જાહેર કરીએ છીએ કે, :

- ઉપર આપવામાં આવેલી વિગતો મારી/અમારી જાણકારી અનુસાર સાચી, ખરી અને સંપૂર્ણ છે. ચૂકવણી સૂચનામાં આપવામાં આવેલી વિગતોની ચોકસાઈ બદલ હું /અમે જવાબદાર રહીશ/રહીશું.
- જો ફુલર્ટન ઇન્ડિયાએ સદ્‌ભાવનાપૂર્વક તથા ઇલેક્ટ્રોનિક ભંડોળ હસ્તાંતરણના અનુપાલનમાં ચૂકવણીની સૂચનાનું કાર્યાન્વયન કર્યું હશે તો, ફુલર્ટન ઇન્ડિયા દ્વારા કાર્યાન્વિત કોઈપણ ચૂકવણી સૂચનાઓ બદલ હું/ અમે બંધનકર્તા રહીશું.
- ઉક્ત હિતાધિકારીની તરફેણમાં ધિરાણની ચૂકવણીનો અર્થ એ થશે કે, ધિરાણ મને/અમને મળ્યું છે અથવા મારા/અમારા દ્વારા પ્રાપ્ત થયું છે. ઉપરોક્ત હિતાધિકારી પ્રાપ્તકર્તાની તરફેણમાં ધિરાણની રકમની ચૂકવણી ધિરાણ સુવિધા સંબંધિત મારી/ અમારી જવાબદારીઓને પ્રભાવિત કરતી નથી.
- અપૂર્ણ માહિતી, પ્રેષણ, ઇલેક્ટ્રોનિક સંદેશના પહોંચવામાં વિલંબ કે ન પહોંચવાથી અથવા તેના પ્રેષણ અથવા પહોંચવામાં કોઈ ભૂલ, ચૂક અથવા ક્ષતિને કારણે પરિણમતી કોઈપણ નુકસાની કે હાનિ બદલ કે તેના નિયંત્રણ બહારના કોઈપણ કાર્ય બદલ ફુલર્ટન ઇન્ડિયા જવાબદાર રહેશે નહીં. ઉપરોક્તને ધ્યાનમાં ન લેતાં, ફુલર્ટન ઇન્ડિયાના હિસ્સે કોઈપણ બેદરકારીના કારણે, ભંડોળના હસ્તાંતરણને પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબના સંજોગોમાં અથવા ચૂકવણી સૂચનાના અનુસરણમાં ભંડોળ હસ્તાંતરણના કાર્યાન્વયનના કારણે થયેલી કોઈ નુકસાની બદલ, ફુલર્ટન ઇન્ડિયાની જવાબદારી વિલંબિત ચૂકવણીના કિસ્સામાં વિલંબની અવધિ માટે બૅન્કના દરે વ્યાજની ચૂકવણી પર્યંત મર્યાદિત રહેશે.
- આ અરજીપત્રકમાં મારા/અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલી ખોટી જાણકારીના કારણે રકમ ન જમા થવા કે ખોટા હિતાધિકારીના ખાતામાં રકમ જમા થવા બદલ ફુલર્ટન ઇન્ડિયા જવાબદાર રહેશે નહીં.
- આવક ભરણા પર હિતાધિકારી બૅન્ક ચાર્જીસ લાગુ કરી શકે છે અને તે ભરણાની રકમમાંથી બાદ કરી શકે છે.

હું સમજું છું કે, નૅશનલ ઇલેક્ટ્રોનિક ફન્ડ ટ્રાન્સફર (''એનઇએફટી'') સૂચનાઓ અટલ હોય છે અને એનઇએફટી મારફત ભરણાંઓના સંબંધમાં ચૂકવણી રોકવા સૂચના આપવા માટેની કોઈ જ સુવિધા હોતી નથી.

તમારો આભાર.

તમારો/તમારા વિશ્વાસુ,

| ધિરાણકર્તા(ઓ) અને સહ–ધિરાણકર્તાઓનાં નામ | | (સહી) |
|---|---|---|
| નામઃ ........................................................ | | ........................................ ☒<br>(સહી) |
| નામઃ........................................................ | | ........................................ ☒<br>(સહી) |

# અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો

## સહી કરતાં પહેલાં કૃપયા વાંચજો

## સ્વીકૃતિ પત્રક

તારીખ : [ ]

હું/અમે અરજી સંદર્ભ ક્રમાંક ............................... અને ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ (''એફઆઈસીસીએલ'')ની તરફેણમાં મારા/અમારા દ્વારા કાર્યાન્વિત કરેલા .................... તારીખના ધિરાણ કરારનામાને સંદર્ભિત કરું છું /કરીએ છીએ. મને/અમને નિમ્નાનુસાર માહિતી પૂરી પાડવામાં આવી છે અને તે સાથે સંમત થાઉં છું /થઈએ છીએ અને તદનુસાર ઉપરોક્ત કરારનામું ભરવામાં આવ્યું છે :

| | | |
|---|---|---|
| ધિરાણની રકમ | : | આઈએનઆર |
| ઘટતી જતી શેષ રકમ પર વ્યાજ દર (% વાર્ષિક) | : | |
| તદનુરૂપ વ્યાજનો ઊચક (ફ્લેટ) દર (% વાર્ષિક)* | : | |
| ધિરાણ અવધિ મહિનાઓમાં | : | |
| માસિક હપ્તાની રકમ (ઈએમઆઈ) | : | આઈએનઆર |
| કુલ ફી (ધિરાણ દસ્તાવેજ ફી, પૂર્વ–ઈએમઆઈ, જો કોઈ હોય, સહિત) | : | આઈએનઆર |
| વીમા પ્રીમિયમ ચાર્જીસ | : | આઈએનઆર |
| આઈએચઓ ચાર્જીસ | : | આઈએનઆર |

☒

*હું/અમે જાણું છું/જાણીએ છીએ કે, ઉપર દર્શાવેલો વ્યાજનો ઊચક દર કેવળ નિદર્શનાત્મક છે, અને માસિક શેષ સાથે ઘટતી જતી શેષના ચક્રવૃદ્ધિ ધોરણે ધિરાણ પર વસૂલવામાં આવશે.

ઊચક દરની ગણતરી નીચે જણાવ્યા અનુસાર કરવામાં આવે છેઃ

$$\text{વ્યાજનો દર \%} = \frac{(\text{ઈએમઆઈ} - \text{મહિનાઓમાં અવધિ}) - \text{મૂડી} \times 100}{\text{મૂડી} \times \text{વર્ષમાં અવધિ}}$$

હું/અમે સ્વીકારીએ છીએ કે :

- ઉક્ત ધિરાણના ઉપર જણાવેલી શરતો સૌથી અગત્યની છે, અને ધિરાણનાં અન્ય સર્વ નિયમો અને શરતો ધિરાણ કરારનામામાં સ્પષ્ટિકૃત કરવામાં આવશે.
- એફઆઈસીસીએલ માટે કાં તો અગાઉથી અથવા પછીથી કોઈપણ ચાર્જીસ લાગુ કરવા અને/અથવા લાગુ કરવામાં કે આવા ચાર્જીસ લાગુ કરવાનું રજૂ કરવાનું ફરજિયાત નથી તે, હું/અમે જાણું છું /જાણીએ છીએ.
- ચૂક થવાના સંજોગોમાં, કોઈપણ પૂર્વ–સૂચના વિના ધિરાણ સુવિધા ઊમેરવા, રદ કરવા, પાછી ખેંચવા અથવા ઉપરોક્ત નિયમો અને શરતોમાં ફેરફાર કરવા એફઆઈસીસીએલ હકદાર છે અને તે મને /અમને બંધનકર્તા રહેશે.
- પત્રવ્યવહાર માટેના સરનામામાં કોઈપણ ફેરફાર, મારી/અમારી નોકરી, વ્યવસાયમાં કોઈપણ પરિવર્તન અંગે હું/અમે એફઆઈસીસીએલને એક મહિના અગાઉથી, માહિતગાર કરીશ/કરીશું .

ધિરાણકર્તા(ઓ)નું નામ : .......................................... ☒

સહી(સહીઓ) : .................................................................. ☒

- જો કોરું હોયતો, કૃપયા ઉપરોક્ત પત્રક પર સહી કરશો નહીં.
- તમારા ધિરાણના પ્રોસેસિમગ માટે કોઈને રોકડ રકમ ચૂકવશો નહીં. જો તમારી પાસે માગવામાં આવે તો, ઈન્કાર કરજો અને તમારી સમીપસ્થ એફઆઈસીસીએલ શાખાનો સંપર્ક કરજો.